# સાધ્વી જયશ્રીગીરી કેસની તપાસ આરંભાઈ

## એક ટીમને જુનાગઢ ખાતે અને બાકીની બે ટીમો પાટણમાં તપાસ માટે રવાના : ચોંકાવનારી વિગતો ખુલે તેવી શક્યતા

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠાના વડગામ તાલુકામાં આવેલા મુક્તેશ્વર ધામના વિવાદાસ્પદ સાધ્વી જયશ્રીગીરીની ઠગાઈના કેસમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ સાધ્વી જયશ્રીગીરીના ગુનાઓની તપાસ શરૂ થઈ ચુકી છે. બનાસકાંઠાના એસપીના માર્ગદર્શન હેઠળ ત્રણ ટીમો બનાવીને જુદા જુદા વિસ્તારમાં મોકલવામાં આવી છે. જેમાં એક ટીમને જુનાગઢ ખાતે રવાના કરાઈ છે. જ્યારે બાકીની બે ટીમો પાટણ ખાતે તપાસ અર્થે રવાના કરવામાં આવી છે. વધુ ચોંકવનારી વિગત આગામી દિવસોમાં ખુલે તેવી શક્યતા દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે સાધ્વી જયશ્રીગીરીની ગઈકાલે ધરપકડ કરાઈ હતી. તે પહેલા પાલનપુરના ન્યુ દાગીના જ્વેલર્સની પાંચ કરોડથી વધુની છેતરપિંડીની ફરિયાદ બાદ સાધ્વીના ઘરે દરોડા પાડીને સોનાના બે કિલો ચારસો ગ્રામ બિસ્કીટ અને એક કરોડ ૨૯ લાખથી વધુની નવી ચલણી નોટો ઝડપી પાડવામાં આવી હતી. આ કેસમાં સાક્ષી સહિત ત્રણ સામે પાલનપુર પશ્ચિમ પોલીસે ઠગાઈ અને ધાકધમકીનો ગુનો દાખલ કરી સાધ્વીની ધરપકડ કરતા ખળભળાટ મચી ગયો હતો. સાધ્વી પાસેથી ૧૨૯૯૫૯૦૦ની નવી નોટ, ૨૪ બિસ્કીટ કિંમત ૭૫૦૦૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. તેના સાગરીત ચિરાગ રાવલ અને અન્યને પણ પકડી પડવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. પોલીસે ૧૦ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જોકે કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા. બનાસકાંઠાના વડગામ તાલુકામાં આવેલા મોકેશ્વર



મહાદેવના મઠમાં અગાઉ મહંત જગદીશગીરી હતા ને ગુમ થયા છે. તેમનો કોઈ પતો લાગેલો નથી. ત્યારબાદ બીજા મહંત સંજયગીરીનું મઠના ભોયરામાંથી અર્થ બળેલી હાલતમાં લાશ મળી હતી. ત્યાર બાદથી સાધ્વીને મઠપર કબ્જો હતો. કરોડોની સંપત્તિ ધરાવતી સાધ્વી પર સોનાના દાગીનાની દુકાનદારે કેસ કરતો આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું છે.

અને પોલીસે ૧૦ દિવસના રીમાન્ડ માંગ્યા હતા પણ કોર્ટ ત્રણ દિવસના રીમાન્ડ આપ્યા છે. જ્યારે આ બાબતે પાલનપુર વિરપુરના આશ્રમના મહંત જે રાષ્ટ્રીય સંત છે. તેમણે આ ઘટનાને દુખદ ગણાવી હતી. આ સંતના કહેવાય સંતોને બદનામ કરનારુ કૃત્ય સાધ્વીએ કર્યું છે. જ્યારે સાધ્વીના અંતેવાસી છતા તાલુકાના મોટાસડાના રાજન બારડે એક ન્યુઝ ચેનલમાં સાધ્વી માટે મોટો ખુલાસો કર્યો છે. સાધ્વીના પતિ જે બિપીન બારોટ છે તે વિજાપુરનો ઐયુબ પઠાણ છે અને સાધવી ઐયુબ પઠાણ સાથે ભાગીને લગ્ન કર્યા હતા. તેમનો એક દિકરો છે.

# સમાજની પ્રગતિનો આધાર આયોજનપૂર્વકના વિકાસ પર આધારિત છે : પૂનમચંદ પરમાર

## રાજ્યના નિવૃત્ત પ્રવૃત્ત અધિકારીઓના સંગઠન ‘લક્ષ્ય’ના ઉપક્રમે દ્વિતીય સ્નેહમિલન સંપન્ન : સામયિક ‘સમાજમિત્ર’નો પુનઃ ઉદય : નટુભાઈ પરમારના પુસ્તક ‘સ્મૃતિવંદના’નું પણ વિનોચન

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યના નિવૃત્ત તથા પ્રવૃત્ત અધિકારીઓ, કર્મચારીઓના સંગઠન ‘લક્ષ્ય’નો દ્વીતીય સ્નેહમિલન સમારોહ આજે ગાંધીનગર ખાતે રાજ્યના શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે. પરમાર આઈએએસના અધ્યક્ષ સ્થાને અને મુંબઈ યુનિવર્સિટીના વિધ્વાન પ્રોફેસર ડૉ. રતિલાલ રોહિતના મુખ્ય અતિથિ વિશેષ યોજાઈ ગયો.




અધ્યક્ષીય વક્તવ્યમાં અધિક મુખ્ય સચિવ પી.કે. પરમારે ‘લક્ષ્ય’ સંગઠન દ્વારા ડૉ. બાબાસાહેબ ચિંધ્યા માર્ગે નવી યુવાન શિક્ષિત દલિત પેઢીને રોજગાર પ્રાપ્તિની દિશામાં સફળતા હાંસલ કરવા જે પ્રયાસો થઈ રહ્યા છે તેને બિરદાવીને, હજી પણ દલિત યુવાનો માટે રોજગારીની તકો ક્યાં ક્યાં રહેલી છે તેમને સક્ષમ બનાવવા શું થઈ શકે, નાણાંકિય આયોજન કેવી રીતે કરાશે, તેનું માઈક્રો પ્લાનીંગ પણ ‘લક્ષ્ય’ દ્વારા થશે અને આજે જે રીતે આ સંસ્થા કાર્ય કરી રહી છે તેનાથી પણ તે અનેક કદમ આગળ વધી સામાજિક જવાબદારીને વહન કરશે જ તેવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

મુખ્યમહેમાન પદે ઉપસ્થિત મુંબઈ યુનિ.ના વિધ્વાન પ્રોફેસર ડૉ. રતિલાલ રોહિતે પણ ગુજરાત રાજ્યના નિવૃત્ત અને પ્રવૃત્ત અધિકારીઓ દ્વારા સમાજ પાસેથી જે મળ્યું છે તે પરત સમાજને આપવાના ધ્યેય સાથે, સમાજની યુવા પેઢીના ભાવિ ઘડતર માટે જે ઉત્તમ કામગીરી થઈ રહી છે, તેના પરિણામો બહુ જ દુરોગામી રેહવાના છે, એમ જણાવી દલિત ગરીબ સમાજનો જ્ઞાનપ્રાપ્તિ વિના ઉદ્ધાર નથી તેવું મહાત્મા ફુલે અને મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ કહ્યું છે, ત્યારે તે દિશામાં ‘લક્ષ્ય’ દ્વારા થઈ રહેલા પ્રયાસો સાચે જ પ્રસંશનીય છે તેઓ મત વ્યક્ત કર્યો હતો.



‘લક્ષ્ય’ના દ્વીતીય સ્નેહમિલન સમારોહ નિમિત્તે ‘લક્ષ્ય’ પ્રવૃત્તિઓનો આલેખ રજુ કરતા ‘લક્ષ્ય’ અધ્યક્ષ અને નિવૃત્ત સનદી અધિકારી એમ.બી. પરમારે કહ્યું કે તકોને ઓળખવાની ફાવટના અભાવે આપણા યુવાનો રોજગાર પ્રાપ્તિમાં સફળતા મેળવી શકતા નથી. આ કડવા સત્યને ધ્યાને લઈ ‘લક્ષ્ય’ દ્વારા યોગ્ય અને અસરકારક માર્ગદર્શન થકી તેમને સક્ષમ બનાવવાના સઘન પ્રયાસો હાથ ધરાયા છે.

આ સમારોહમાં સ્વાગત પ્રવચન લક્ષ્ય કોરગૃપના સદસ્ય અને સચિવ, ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરીટી ડૉ. ડી.ડી. કાપડીયાએ કર્યુ હતુ. જ્યારે મંચ પર રાજ્યના સંયુક્ત પોલીસ કમિશનર સી.આર. પરમાર આઈએએસ (નિ.), નાયબ વનસંરક્ષક, અશ્વીનભાઈ પરમાર આઈએસ અને આર.કે. પરમાર જીએએસ, સચિવ-ગુજરાત બાંધકામ શ્રમજીવી બોર્ડ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ગુજરાત પછાતવર્ગ કલ્યાણ બોર્ડના એમ.ડી. પ્રવિણ શ્રીમાળીએ કર્યું હતું.

આ સ્નેહમિલન સમારોહમાં રાજ્યના ૨૦ નિવૃત્ત અધિકારીઓ અને ૧૫ બઢતી મળેલ અધિકારીઓનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ સમારોહમાં જાણીતા દલિતસર્જકો, પત્રકારો, પી.એચ.ડી. સ્કોલર્સ, સામાજીક આગેવાનો ‘લક્ષ્ય’ તાલીમવર્ગોમાં સફળતા પામી સરકારી સેવામાં જોડાયેલા ઉમેદવારો સહિત ખુબ મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વહીવટીતંત્ર પોલીસતંત્રમાં બઢતી બદલીનો ગોઠવાઈ રહેલો તખ્તો

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યના વહીવટીતંત્ર અને પોલીસ દળમાં ઉચ્ચ અધિકારીઓની બદલી અને બઢતીનો દોર ટુંક સમયમાં હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ વજેતા ૩૧મી જાન્યુઆરીના રોજ વય નિવૃત્ત થઈ રહ્યા હોઈ આ જગ્યા ખાલી પડશે. આ ઉપરાંત એસીએસએસ સંવર્ગની અન્ય બે જગ્યાઓ પણ ખાલી છે.

આથી ઉચ્ચ સંવર્ગની આ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં સનદી અધિકારીઓની બઢતી અને બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના ઈન્ચાર્જ પોલીસ વડા પી.પી. પાન્ડેય પણ ૧લી ફેબ્રુઆરીના રોજ વયનિવૃત્ત થઈ રહ્યા છે. આથી આ ખાલી પડતી જગ્યાઓ પર કોને નિમણુંક આપવી કે અન્ય કોઈ અધિકારીને ચાર્જ સોંપવો તે અંગેના નિર્ણય બાદ રાજ્યના પોલીસ દળમાં પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બઢતી અને બદલીનો દોર હાથ ધરીને વહીવટીતંત્ર અને પોલીસતંત્રમાં ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# ઈસનપુર મોટા ખાતે વિષ્ણુભાઈ પટેલનો અમૃત મહોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામના મૂળ રહેવાસી અને વર્ષોથી અમદાવાદ ખાતે રહેતા સદ્ભાવ એન્જિયરીંગના માલિક, અગ્રણી ઉદ્યોગપતિ તથા કર્મયોગી, દાતાશ્રી પટેલ વિષ્ણુભાઈ મફતભાઈના ૭૫મા (જન્મદિવસ)અમૃત મહોત્સવ પ્રસંગે તથા તેમના દિર્ઘાયુ માટે ગ્રામજનો દ્વારા તાજેતરમાં ૧૭ હજાર મહામૃતજય જપનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિષ્ણુભાઈ પટેલના દિર્ઘાયુ માટે શ્રી મહાદેવ મંદિર ખાતે મહામૃત્યુજય જપ, અનુષ્ઠાન, શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે મંત્રોચ્ચાર સહિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભીખાભાઈ હાઈસ્કૂલ, સરકારી પ્રાથમિક શાળાના તમામ બાળકો દ્વારા પ્રાર્થના-ધૂન, ભજન, સ્લોકગાન, ૧૦૮ બિલ્વપત્રનો મંત્રોચ્ચાર વગેરે સંતોકબા સંસ્કારભવન ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગામની મહિલાઓના ભજન મંડળો દ્વારા રાત્રી ભજન કિર્તન શ્રી મહાકાળી માતાજીના મંદિર ચોકમાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ૨૦ સગર્ભા બહેનોને ચોખા-દાળ, ઘી, તેલની અંદાજે રૂ. ૫૦૦ની કીટ વિતરણ કરાઈ હતી.





આ પ્રસંગે શાળાના બાળકોને ગણવેશ અને ફી માફીની ભેટ અર્પણ કરવામાં આવી હતી. શેઠ વિષ્ણુભાઈ પટેલ દ્વારા ઈસનપુર ગામમાં સી.સી. રોડ, ૧ કરોડના ખર્ચે ૩૦૦ શૌચાલયો, પાંચ પ્રોટેક્શન દિવાલો, ૩ કરોડના ખર્ચે અદ્યતન પ્રાથમિક શાળા, ગામની હોસ્પિટલ સહિત સંસ્થાઓમાં લાખો રૂપિયાના દાનની સરવાણી વહાવી છે. આમ કર્મયોગી વિષ્ણુભાઈ પટેલ દ્વારા કરોડાનું દાન વતન, રાજ્ય તથા રાજ્ય બહાર દાનનો પ્રવાહ વહેવડાવે છે. હજુ વતનપ્રેમમાં વધુ દાનનો વરસાદ વરસનાર દાતાશ્રીના દિર્ઘાયુ માટે ગ્રામજનો પરમ પરમાત્માની અલૌલિક પ્રાર્થના બક્ષી રહ્યા છે.







ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે સ્વામિનારાયણ મંદિર ખાતે દિવ્ય શાકોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક ઉત્સવોમાંનો એક ઉત્સવ એટલે દિવ્ય શાકોત્સવ. શાકોત્સવના યજમાનપદે અ.નિ. ગિરધરભાઈ સોમાભાઈ પટેલ પરિવાર તથા આયોજક શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ તથા સમસ્ત ગ્રામજનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતુ. આ ભવ્ય શાકોત્સવ પ્રસંગે પ્રેરક તરીકે પી.પી. સ્વામી, મહંતશ્રી ગાંધીનગર મહાનુભાવો સંતો હરિકૃષ્ણદાસજી મહંત, કાલુપુર, ચૈતન્ય સ્વરૂપદાસજી, ગાંધીનગર, આનંદ જીવનદાસજી કાલુપુર, કુંજ વિહારીદાસજી કાલુપુર, નીલકંઠદાસજી કાલુપુર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પ્રસંગે નરનારાયણદેવ યુવકમંડળ-દહેગામ દ્વારા કિર્તનભક્તિ, શાકોત્સવનો મહિમા કથા તથા સત્સંગ સભાના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સમગ્ર ભાવિક ગ્રામજનો દ્વારા શાકોત્સવ રૂપે પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

# ચિલોડા ખાતે પલ્સ પોલિયો અંતર્ગત જાગૃતિ રેલી

ચિલોડા, તા. ૨૮

તાલુકાના ચિલોડા ગામમાં પોલિયોના બે ટીપાં પીવડાવી, ગુજરાતને પોલિયો મુક્ત બનાવવા તા. ૨૯મી રવિવારે પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયો રસી પીવડાવીએ તેવી એક જનજાગૃતિ રેલી પ્રાથમિક શાળાના બાળકોએ સુત્રોચ્ચાર કરતા બેનર્સ સાથે નીકળી હતી. આ રેલીમાં આરોગ્ય વિભાગના કર્મચારી તથા શિક્ષકો જોડાયા હતા.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

સુનિલ ગ્રોવર પણ એક કલાકાર છે. એને પણ પોતાનો વ્યક્તિગત “ઈગો” હશે, માન સન્માન હશે, તેના પરિવારના સભ્યો પણ આ શૉ જોતા હશે. પરંતુ છતાય પ્રત્યેક શૉમાં ડૉ. ગુલાટીનું અપમાન થાય, રિંકુદેવીનો તિરસ્કાર થાય માર ખાવો પડે, ગાલ પર થપ્પડ ખાવી પડે અને એ થપ્પડ કે અપમાનમાંથી પણ આ કલાકાર હાસ્ય બનાવી આપણને સૌને વહેંચે છે. જો કે આ અપમાન કે થપ્પડ એ સુનિલ ગ્રોવરને નહી પણ એના પાત્ર ડૉ. ગુલાટી કે રિંકુદેવીને હોય છે. અને આમે ય પોતાની જાત ઉપર હસાવે એ જ સાચો કલાકાર કહેવાય.

ડૉ. મશહૂર ગુલાટીનું પાત્ર ભારતીય સિનેમાના ઈતિહાસનું સૌથી શ્રેષ્ઠ અને પ્રથમ પંક્તિમાં મૂકી શકાય એવું પાત્ર છે. કપિલે એક એપિસોડમાં ફિલ્મ અભિનેત્રી જેકલિનને પૂછેલું કે તને સૌથી વધુ ડર કોનો લાગે છે. ત્યા આ અભિનેત્રીએ કહેલું “ મને આખી દુનિયામાં માત્ર “ડૉ. મશહૂર ગુલાટી”નો જ ડર લાગે છે” અને જેવી ડૉ. ગુલાટીની એન્ટ્રી થાય છે કે જેકલિન “ ઓહ માય ગોડ “ કહીને એકદમ મુગ્ધતાથી, પ્રેમથી ડૉ. ગુલાટીને જોઈ રહે છે. આનાથી મોટું પારિતોષિક એક કલાકારને બીજું શું હોઈ શકે? એક એપિસોડમાં “ અજય દેવગન કે બાબા રામદેવ “ જેવા ગંભીર વ્યક્તિત્વોને પણ ડૉ. ગુલાટી ખડખડાટ હસાવીને ઘેર મોકલે છે. ઐશ્વર્યારાય સાથેનો એપિસોડ હોય કે અભિષેક બચ્ચન સાથેનો એપિસોડ હોય – એ કોણ ભૂલી શકશે ? અમિતાભ બચ્ચનથી લઈને ચંકી પાંડે સુધીના કલાકારો આ ડૉ. ગુલાટીના દિવાના છે. આખી દુનિયાને હસાવનાર ખુદ કપિલ શર્મા પણ આ કલાકારના અભિનયથી પોતાના જ શૉમાં હસતો હોય છે.

આ બન્ને પાત્રો સફળ થવાનું સૌથી મોટું કારણ એ છે કે સુનિલ ગ્રોવર જ્યારે ડૉ. ગુલાટી કે રિંકુદેવીનો વેશ ધરે છે ત્યારે તે સુનિલ ગ્રોવર મટી જાય છે. એના શરીરમાં વહેતા લોહીમાં ડૉ. ગુલાટી કે રિંકુદેવી વહેવા લાગે છે. અને કોઈપણ કલાકાર માટે સૌથી અઘરું હોય તો તે પોતાના પાત્રમાં ખોવાઈ જવાનું હોય છે. આ પાત્રોને સફળ બનાવવામાં સુનિલ ગ્રોવરની સિક્સસેન્થ પણ ખુબ ઉપયોગી બની છે. પોતાનું વ્યક્તિગત બુદ્ધિકૌશલ્ય અને સામાજિક વ્યવહારિક સૂઝ, હાજર જવાબીપણું આ બન્ને પાત્રોને ખીલવે છે. આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે ઘણી વખત ડૉ. ગુલાટી કે રિંકુદેવીએ સ્ક્રીપ્ટ બહારનુંપણ બોલવું પડે છે. આ હાજરજવાબીપણું આ બન્ને પાત્રોને લોકપ્રિય બનાવે છે.

આમ આ રીતે જોઈએ તો કપિલ શર્માના આ શૉ નો પ્રાણ ડૉ. મશહૂર ગુલાટી છે. કપિલ શર્મા સંગીતપ્રેમી હોવાથી ક્યારેક સંગીતકારો કે અન્ના હજારે જેવા રાજનીતિજ્ઞોને બોલાવે છે ત્યારે આખા શૉનો ભાર ડૉ. મશહૂર ગુલાટી ઉપાડે છે. આ કલાકારની સાથે અભિનય કરતા ખુદ કપિલ પણ અસંખ્ય વાર હસી જતો જોવા મળે છે. આમ પોતાની વાકછટાથી – સ્ટાઈલથી, સંવાદથી, નજરથી, હાવભાવથી, અનેક રીતે આખા દેશને હસાવનાર આ ડૉ. મશહૂર ગુલાટીનું પાત્ર ભારતીય હાસ્ય જગતનું સૌથી શ્રેષ્ઠ સર્જન બની રહેશે.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

સારી વાત છે કે જેટલી પ્રચાર અને માહિતીની વધુ બારીઓ ખુલે એટલો લાભ વિચારો વ્યક્ત કરવામાં થતો રહે છે પણ સવાલ એ છે કે ચાહે સ્થાપિત અવલોકનકાર હોય કે પછી સોશિયલ મીડિયાનો રીવ્યુવર, એ રીવ્યુ કે અવલોકનનો ભરોષો શું? બીજું કે આજકાલ તો હરેકના હાથમાં સ્માર્ટફોન રમે છે અને એમાં સતત આવતી ફિલ્મી માહિતીઓ એને અપડેટ રાખે છે એવામાં નવી ફિલ્મને જોવી જ છે કે નહિ એવું નક્કી કરનારો મોટો વર્ગ હોય જ છે આગળ લખ્યું એમ રીવ્યુ જોઈને લોકો ફિલ્મો જોવા જતા હોય છે એવી કોઈને હવા હોય તો કાઢી નાખવી કેમકે ફિલ્મ કે મનોરંજન એ પર્સનલ ગમા-અણગમાની વસ્તુ છે અને આઈ ડોન્ટ થીંક કે કોઈ બીજાના કહેવા પર ફિલ્મ જોવા કે ના જોવા જાય. સૌની ફિલ્મ વિષે પોતપોતાની અક્કલ છે, કોઈ ગાડરિયો પ્રવાહ થોડો છે કે કોઈના કહેવા પર ૨૦૦-૫૦૦નો ચાંદલો કરવા જાય ?! પણ શું છે કે રીવ્યુ... અવલોકન કે સમીક્ષા એ આજકાલ ફિલ્મી માર્કેટિંગ અને પ્રમોશનનો એક હિસ્સો જ બની ગયા હોઈને નવી ફિલ્મ રીલીઝ થતા વખતે અને ખાસ તો ‘રઈસ’ – ‘કાબીલ’ જેવી ટક્કર વખતે ‘અપુનને બોલા તો ફાઈનલ’ કહેનારાઓ જરા વધુ ફૂટી નીકળતા હોય છે...!

## વેરા વસુલાત માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોપડે વર્ષોથી બાકી રહેતા માંગણાનો અંત આવતો નથી. પાણી ગટર તંત્ર દ્વારા પ્રતિવર્ષ માર્ચ મહીના દરમિયાન એડવાન્સ વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. આગામી માર્ચ મહીના દરમિયાન પણ વેરા વસુલાત ઝુંબેશ માટે તંત્ર દ્વારા બીલ વિતરણ માટે એજન્સીને કામ સોંપી દેવાયુ છે. જયારે ગત વર્ષના જુના માંગણા સામે હજુ પણ સેકટરો અને ગ્રામ્ય વિસ્તારમાંથી અંદાજિત રૂ ૫૦ લાખ વેરા વસુલાત પેટે બાકી હોવાનો ચિત્ર સ્પષ્ટ થયુ છે. જેમાં જુના સે-૧૪ થી ૩૦ માં અને શહેરના ગામો બોરીજ,પાલજ,બાસણ અને આદિવાડા સહીતના ગામોમાં થી પાણી ગટર વેરા વસુલાત અન્વયે રૂ ૨૯.૫૨ લાખની આવક થઈ છે. જયારે વેરા વસુલી અન્વયે રૂ ૩૬ લાખ બાકી છે. જયારે નવા સેકટરો અને અન્ય શહેરી વિસ્તારના ગામોમાં પણ અંદાજિત બાકીદારો પાસેથીરૂ ૧૫ લાખ જેટલો વેરો વસુલ કરી શકાયો નથી. જો કે પાણી ગટર વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી. જેના અંતે પણ વેરાની બાકી માંગણી અન્વયે નાંધપાત્ર વસુલાત થઈ શકી છે. પરંતુ પાણી ગટર વેરાની વસુલાત અન્વયે હજુ બાકીદારોની યાદી મોટી છે.ત્યારે આગામી દિવસોમાં ફરિ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

## પોલીયોના ટીપાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી તંત્ર દ્વારા ગયા વર્ષે બુથ કવરેજ ૭૨ ટકા જેટલુ હતુ તે આ વર્ષે વધીને ૭૮ ટકા સુધી પહોંચે તે રીતે વ્યુરચના તૈયાર કરવામાં આવી હોવાનું શહેરના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટે જણાવ્યું છે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૫૦ જેટલા સંવેદનશીલ વિસ્તારો જે જણાયા છે ત્યાં સઘન મોનીટરીંગ કરવામાં આવશે. આ ઉપરાંત લગ્નસરાની મોસમ હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં એ બાબતે પણ ખાસ ધ્યાન આપવાની સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં સમગ્ર અભિયાનનું મોનીટરીંગ જિલ્લા આરોગ્ય અધિકારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીની ટીમ દ્વારા કરવામાં આવશે.

અભિયાનમાં આવરી લેવાનાર બાળકના જમણા હાથે માર્કર પેનથી ખાસ નિશાની કરવામાં આવનાર છે. તેમજ જે ઘરને આવરી લેવામાં આવશે તે ઘર પર રંગીન ચોકથી પણ ખાસ નિશાની કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## મોસમના મિજાજમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધે શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. ગઈકાલની સાપેક્ષમાં શનિવારે લઘુત્તમ તાપમાનમાં દોઢ ડીગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જયારે મહત્તમ તાપમાન યથાવત અલબત્ત ૨૬.૫ રહયુ હતુ. ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો અનુભવાયો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડો તફાવત જોવા મળ્યો હતો. લઘત્તમ તાપમાન ૧૨.૮ ડી ગ્રી રહયુ હતુ. જેના પરિણામે ઠંડી ઘટી હતી. શિયાળો જામવાના ટાંણે લઘુત્તમ તાપમાનમાં સતત બદલાવની સાથે ઠંડીમાં ઘટાડો અનુભવતા નગરજનો દિવસે ગરમીનો અહેસાસ કરી રહયા છે. જેના પરિણામે બેવડી ઋતુ જેવા અહેસાસથી જન આરોગ્ય પર વિપરિત અસર થતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.જયારે મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો સુસ્તીનો ભોગ બની રહયા છે.

## મંદિરના શરણે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણે છેલ્લા ૧૫ વર્ષથી રાજ્યની હાલત કફોડી રહી છે. ઉત્તરપ્રદેશમાં સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. શાહે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે ઉત્તરપ્રદેશને એક લાખ કરોડ રૂપિયા મંજુર કર્યા હતા પરંતુ વાસ્તવિક રીતે ઉત્તરપ્રદેશમાં કોઈ વિકાસની કામગીરી થઈ રહી નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખૂબ જ કફોડી બનેલી છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ ખરાબ કરી દેવામાં મુખ્યમંત્રી અખિલેશ યાદવના નેતૃત્વમાં સરકારની ભૂમિકા રહેલી છે. મથુરા અને બુલંદશહેરના બનાવો ઉત્તરપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ માટેના દાખલા છે. તેમણે કહ્યું હતું કે રાજ્ય દ્વારા સામનો કરવામાં આવી રહેલી સમસ્યાઓ માટે યાદવ પણ જવાબ આપશે. શાસક પાર્ટીના ગુંડાઓ દ્વારા જમીન આંચકી લેવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે ઉત્તરપ્રદેશમાં ભાજપની સ્થિતિ ખૂબ મજબૂત છે. કેન્દ્રમાં મજબૂત બહુમતી સાથે સરકાર રહેલી છે. કેન્દ્ર સરકાર દ્વારા ઉત્તરપ્રદેશ માટે તમામ સહાયતા જારી કરવામાં આવે છે પરંતુ લોકો સુધી પહોંચી રહી નથી. ઉત્તરપ્રદેશ માટે અમે વધારે કરવાની સ્થિતિમાં નથી. પાર્ટીએ હજુ સુધી ૩૭૧ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જે પૈકી ૮૦ દલિતો અને ૧૩૦ જુદી જુદી પછાત જાતિઓના ઉમેદવારો છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભા બેઠકોની સંખ્યા ૪૦૩ છે. સમાજવાદી પાર્ટી દ્વારા પણ ચૂંટણી ઢંઢેરાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. સમાજવાદી પાર્ટીએ મહિલાઓ માટે શિક્ષણ ફંડની રચના કરવાની જાહેરાત કરી છે. સાથે સાથે અન્ય ઘણી બધી સ્કીમો પણ જાહેર કરી છે. રોજગારી, ખેડૂતો, શિક્ષણ સહિતની બાબતો પર વધારે ધ્યાન સમાજવાદી પાર્ટીએ પણ આપ્યું હતું. આ વખતે ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી ખૂબ જ તીવ્ર સ્પર્ધા સાથે થનાર છે. અહીં ભાજપ, સમાજવાદી પાર્ટી, બહુજન સમા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધન સાથે મેદાનમાં ઉતરનાર છે.

## ઈતિહાસ સર્જ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાંસલ કરી છે. ૩૫ વર્ષીય સેરેનાએ સ્ટેફીગ્રાફના ૨૨ ગ્રાન્ડસ્લેમની બરોબરી ગયા વર્ષે વિમ્બલ્ડનમાં કરી હતી. હવે તે માર્ગરેટ કોર્ટના ૨૪ ગ્રાન્ડસ્લેમના રેકોર્ડથી એક ગ્રાન્ડસ્લેમ પાછળ છે. વિનસની સામે સેરેનાની ફાઈનલ મેચ જોવા માટે પ્રેસીડેન્ટ બોક્સમાં માર્ગારેટ કોર્ટ પણ ઉપસ્થિત રહી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં સેરેનાના વર્ચસ્વને તોડીને કાર્બર પ્રથમ ક્રમાંક ઉપર પહોંચી હતી. મેલબોર્નમાં ૧૯ વર્ષ પહેલા જ્યારે સેરેના ગ્રાન્ડસ્લેમમાં આવી હતી ત્યારે બીજા રાઉન્ડમાં તેની બહેન વિનસ સામે તેની હાર થઈ હતી. ત્યારબાદ બંને ખેલાડીઓએ એકબીજાની સામે નવ મોટી ફાઈનલમાં રમી ચુક્યા છે. ૧૩મી ક્રમાંકિત ૩૬ વર્ષીય વિનસે વયમાં ૨૦૦૯ બાદ પ્રથમ વખત ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં આગેકૂચ કરી હતી પરંતુ તે સાતમી મોટી સ્પર્ધા જીતી શકી ન હતી. તે ૨૦૦૯માં વિમ્બલ્ડનની ફાઈનલમાં પહોંચી હતી. બંને વચ્ચે ધીમી શરૂઆત થઈ હતી. જોકે સેરેનાએ મહત્વના બ્રેક સાથે લીડ મેળવી લીધી હતી. હેડ ટુ હેડ વચ્ચેની વાત કરવામાં આવે તો કુલ ૨૮ મેચો બંને વચ્ચે રમાઈ ચુકી છે. આજની મેચ સાથે જ સેરેના વિલિયમ્સે ૧૭ અને વિનસ વિલિયમ્સે ૧૧ જીત મેળવી છે. ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં તેમની વચ્ચે ૯ મેચો રમાઈ છે જે પૈકી સેરેનાએ ૭ અને વિનસે બે મેચો જીતી છે. ૨૦૦૧માં યુએસ ઓપનમાં વિનસની સેરેના સામે ૬-૨, ૬-૪થી જીત થઈ હતી. ૨૦૦૨માં ફ્રેન્ચ ઓપનમાં સેરેનાની ૭-૫, ૬-૩થી જીત થઈ હતી. ૨૦૦૨માં વિમ્બલ્ડનમાં સેરેનાની ૭-૬, ૬-૩થી જીત થઈ હતી. ૨૦૦૨માં યુએસ ઓપનમાં સેરેનાની ૬-૪, ૬-૩થી જીત થઈ હતી. છેલ્લે ૨૦૦૯માં વિમ્બલ્ડનમાં સેરેનાની ૭-૬, ૬-૨થી જીત થઈ હતી. સેરેના વિલિયમ્સે હજુ સુધી ૨૩ ગ્રાન્ડસ્લેમ જીતી છે. જ્યારે તેની બહેન વિનસ વિલિયમ્સે સાત ગ્રાન્ડસ્લેમમાં જીત મેળવી છે. આ ઉપરાંત સિડની ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી.